For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

2024ની સમયમર્યાદા છતાં પ્રોજેક્ટ અધૂરો; સંસાધનો વધારી ઝડપથી કામ પૂર્ણ કરવા કેન્દ્રીય મંત્રીનો આદેશ

'ડેડલાઈન' વટાવી ચૂકેલા દિલ્હી-મુંબઈ કોરિડોર પર ગડકરીનો કડક મેસેજ: 'વિલંબ હવે નહીં ચાલે'

લીમખેડાના ઝેરજીતગઢ અને હાથિયાવાનમાં સ્થળ નિરીક્ષણ; ગુણવત્તા અને કામગીરીની ગતિ અંગે અધિકારીઓ-કોન્ટ્રાક્ટરોને તાકીદ

(પ્રતિનિધિ) લીમખેડા તા.9

કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દાહોદ જિલ્લામાંથી પસાર થતા મહત્ત્વાકાંક્ષી દિલ્હી-મુંબઈ નેશનલ કોરિડોરના નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી. વર્ષ 2024 સુધીમાં પૂર્ણ થવાનો લક્ષ્યાંક ધરાવતા આ પ્રોજેક્ટમાં 2026ના મધ્ય સુધી પણ વિલંબ થતા મંત્રીએ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી અને જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરોને કામગીરીમાં ઝડપ લાવવા કડક સૂચનાઓ આપી હતી.

લીમખેડા તાલુકાના ઝેરજીતગઢ ગામે ગડકરીએ હાઈવેના નિર્માણ કાર્યનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. રોડની ગુણવત્તા, કામગીરીની પ્રગતિ અને ટેકનિકલ પાસાઓ અંગે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. ત્યારબાદ હાથિયાવાન ગામે પહાડી વિસ્તારમાં ચાલી રહેલી પહાડ કાપવાની કામગીરીનું પણ નિરીક્ષણ કરી, નિર્માણમાં આવતા અવરોધો અંગે ચર્ચા કરી હતી. ધીમી ગતિએ ચાલી રહેલા કામ અંગે તેમણે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

નિરીક્ષણ બાદ યોજાયેલી બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) ના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને પ્રોજેક્ટને પ્રાથમિકતા આપીને ઝડપથી પૂર્ણ કરવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. ગડકરીએ જણાવ્યું હતું કે દિલ્હી-મુંબઈ નેશનલ કોરિડોર દેશના આર્થિક વિકાસ માટે અત્યંત મહત્ત્વનો પ્રોજેક્ટ છે અને તેમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબ સ્વીકાર્ય નહીં બને. તેમણે જરૂરી સંસાધનો વધારવા, મશીનરી અને માનવબળમાં વધારો કરવા તેમજ કામના કલાકો વધારી સમયસર કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

મુલાકાત દરમિયાન દાહોદ જિલ્લા કલેક્ટર સહિત વહીવટી તંત્રના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. ગડકરીએ સ્થાનિક સ્તરે જમીન સંપાદન, ટેકનિકલ અને વહીવટી સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવી નિર્માણ કાર્યમાં અવરોધ ન આવે તેની ખાતરી કરવા સૂચના આપી હતી.

દિલ્હી-મુંબઈ નેશનલ કોરિડોર કાર્યરત બન્યા બાદ દાહોદ અને પંચમહાલ સહિત પૂર્વ ગુજરાતના વિકાસને નવી ગતિ મળશે. સાથે જ માલસામાન અને મુસાફરોના પરિવહનનો સમય ઘટશે, ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન મળશે અને સમગ્ર વિસ્તારની આર્થિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભારે વરસાદની શક્યતા નહીં, મેઘરાજાનો વિરામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

રાજ્યમાં વરસાદી સિસ્ટમો નબળી પડતાં આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. માત્ર છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી સામાન્ય ઝાપટાં પડી શકે છે.

વડોદરા જિલ્લા કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લાના કોઈપણ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. શહેરમાં મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી અને લઘુત્તમ 28.2 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે ભેજનું પ્રમાણ સવારે 80 અને સાંજે 70 ટકા રહ્યું હતું.

સિઝનના કુલ વરસાદમાં શિનોર તાલુકામાં સૌથી વધુ 249 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ 154.88 મી.મી. વરસાદ વરસ્યો છે. ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં હવે હવામાનમાં રાહત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

GUVNL ની સરપ્રાઈઝ ડ્રાઈવ : ૧૦૬૨ કનેક્શનની તપાસકરાઈ

માંડવી-પાણીગેટમાં ૩૯ કનેક્શનમાં ૩૪.૬૭ લાખની વીજ ચોરી ઝડપાઈ

અધિકારીઓ-પોલીસની સંયુક્ત ટીમે કાર્યવાહી કરતા વિસ્તારમાં ખળભળાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

વીજચોરી રોકવા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વડોદરાના માંડવી અને પાણીગેટ સબ ડિવિઝનમાં મોટી સરપ્રાઈઝ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના અધિકારીઓની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે વિવિધ વિસ્તારોમાં એકાએક તપાસ શરૂ કરી હતી. કુલ 1062 વીજ કનેક્શનની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી 39 કનેક્શનમાં સીધા તાર, મીટરમાં ગેરફેર અને અન્ય રીતે વીજચોરી તેમજ ગેરરીતિ ઝડપી પાડવામાં આવી છે. પ્રાથમિક અંદાજ મુજબ આ તમામ કેસોમાં અંદાજે 34.67 લાખ રૂપિયાની વીજચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તમામ દોષિત કનેક્શન સામે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં દંડ વસૂલવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી અને જરૂર જણાય ત્યાં ડિસ્કનેક્શનની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે વીજ કંપની દ્વારા સમયાંતરે વીજચોરી અટકાવવા માટે આ પ્રકારની ખાસ ડ્રાઈવો કરવામાં આવતી હોય છે. આ પહેલા પણ માંડવી અને પાણીગેટ પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી. તે સમયે પણ અનેક કનેક્શનોમાંથી લાખો રૂપિયાની વીજચોરી ઝડપાઈ હતી અને તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે વીજચોરીના કારણે માત્ર કંપનીને જ નહીં પરંતુ સામાન્ય ગ્રાહકોને પણ ભારણ વધે છે. આથી ભવિષ્યમાં પણ આવી સર્પ્રાઈઝ ડ્રાઈવો યથાવત રાખવામાં આવશે અને દોષિતો સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે. આજની મોટી કાર્યવાહી બાદ માંડવી અને પાણીગેટના વેપારી અને રહેણાંક વિસ્તારોમાં વીજચોરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

વાતોમાં ભોળવી વૃદ્ધ પાસેથી સોનાની વીંટી લઈ બે ઠગ ફરાર

આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે જલારામ ખમણની દુકાન સામે બનાવ

પાણીગેટ પોલીસમાં વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ વિસ્તારમાં રહેતા એક વૃદ્ધને બે અજાણ્યા શખ્સોએ વાતોમાં ભોળવી તેમની રૂ.20 હજારની સોનાની વીંટી છેતરપીંડીથી પડાવી ફરાર થઈ જતાં પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે આરોપીઓને શોધવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ફરિયાદ મુજબ, ન્યૂ વી.આઈ.પી. રોડ વિસ્તારમાં બકોરનગર સોસાયટી, રઘુકુલ સ્કૂલ પાછળ રહેતા ધનજીભાઈ મણીલાલભાઈ સોલંકી 17 એપ્રિલ, 2026ના રોજ સવારે આશરે 8 વાગ્યે પાણીગેટ બહાર આવેલા આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે આવેલી જલારામ ખમણની દુકાન નજીક ઉભા હતા. તે દરમિયાન બે અજાણ્યા શખ્સોએ તેમની સાથે મીઠી વાતચીત શરૂ કરી વિશ્વાસ કેળવ્યો હતો.

બંને શખ્સોએ ચાલાકીપૂર્વક ધનજીભાઈની આંગળીમાં પહેરેલી અંદાજે રૂ.20 હજાર કિંમતની સોનાની વીંટી ઉતરાવી લીધી હતી. વૃદ્ધને છેતરાયા હોવાની જાણ થાય તે પહેલાં જ બંને આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

બનાવ અંગે ધનજીભાઈએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ અને ધરપકડ માટે તપાસ હાથ ધરી છે. પોલીસે લોકોને અજાણ્યા વ્યક્તિઓની વાતોમાં આવી કિંમતી વસ્તુઓ અંગે સાવચેત રહેવા પણ અપીલ કરી છે.

વડોદરામાં ફરી લવ જેહાદનુ ભૂત ધૂણ્યુ : દીકરીના બદલામાં ૧ લાખની ખંડણી માગી

અકોટાની સગીરાનું અપહરણ કરી ત્રણ રાજ્યોમાં ફેરવી મુસ્લિમ યુવકે દુષ્કર્મ ગુજાર્યું

અકોટા પોલીસે રાજસ્થાનના સલીમ સામે અપહરણ, દુષ્કર્મ અને ખંડણીનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરાના અકોટા વિસ્તારમાં સંબંધીના ઘરે રહેવા આવેલી મૂળ રાજસ્થાનની 17 વર્ષની સગીરાનું અપહરણ કરી ત્રણ રાજ્યોમાં ફેરવનાર રાજસ્થાનના અજમેરના સલીમ ઉર્ફે સૈયદ સૈલાબ સામે અકોટા પોલીસે અપહરણ, ખંડણી અને દુષ્કર્મ સહિતના ગંભીર ગુનાઓ નોંધ્યા છે. આરોપી હાલ ફરાર હોવાથી તેની શોધખોળ માટે અલગ-અલગ પોલીસ ટીમો કાર્યરત કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, સગીરા અકોટામાં પોતાની માસીના ઘરે રહેવા આવી હતી. તે દરમિયાન અગાઉથી ઓળખાણ ધરાવતા સલીમે પ્રેમજાળમાં ફસાવી તેને મળવા બોલાવી હતી. ત્યારબાદ તેનું અપહરણ કરી વડોદરાથી પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને અંતે રાજસ્થાન લઈ ગયો હતો. આરોપીએ સગીરાના ઘરેણાં અને મોબાઈલ પણ વેચી નાખ્યા હતા.

આરોપીએ સગીરાને છોડાવવા માટે તેની માતા પાસે રૂ.1 લાખની ખંડણી માગી હતી અને રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ સગીરાની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

અકોટા પોલીસની ટીમ રાજસ્થાન પહોંચી ભારે જહેમત બાદ સગીરાને હેમખેમ શોધી પરિવારને સોંપવામાં સફળ રહી હતી. જોકે પોલીસ પહોંચે તે પહેલાં જ મુખ્ય આરોપી રિક્ષામાંથી ઉતરી ફરાર થઈ ગયો હતો.

ડીસીપી ઝોન-2 મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે, સગીરાની માતાએ પ્રથમ અજમેરમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ઝીરો એફઆઈઆર બાદ કેસ વડોદરાના અકોટા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર થયો હતો. તપાસ દરમિયાન સગીરાને લલચાવી અપહરણ કરાયું હોવાનું સામે આવ્યું હતું. પરિવાર પાસેથી ખંડણી માંગવામાં આવી હોવાથી સંબંધિત કલમો ઉમેરવામાં આવી છે. પીડિતાના મેડિકલ પરીક્ષણ અને નિવેદન બાદ દુષ્કર્મની કલમ પણ ઉમેરવામાં આવી છે. પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ માટે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં શોધખોળ તેજ કરી છે.

GSFC યુનિવર્સિટી પાસેના બ્રિજ પર અકસ્માત

છાણીમાં ડમ્પરની અડફેટે મહિલા કર્મચારીનું કરુણ મોત

હેલ્મેટ પહેર્યું હોવા છતાં જીવ બચી શક્યો નહીં, ડમ્પર ચાલક સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.9

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં દશરથ ગામ નજીક આવેલા GSFC યુનિવર્સિટી ગેટ સામેના બ્રિજ પર આજે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે દોડી રહેલા ડમ્પરે સ્કૂટર પર નોકરીએ જઈ રહેલી મહિલાને અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, છાણીના પ્રીત બંગલોમાં રહેતા હેમાબેન પરેશભાઈ પંડ્યા દરરોજની જેમ સ્કૂટર પર રણોલી સ્થિત ટાટા મોટર્સમાં ફરજ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવેલા બેફામ ડમ્પરે તેમના સ્કૂટરને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે તેઓ રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. હેલ્મેટ પહેરેલું હોવા છતાં ડમ્પરના ટાયર નીચે આવી જતાં તેમને જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માતની જાણ થતાં છાણી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડી ડમ્પર ચાલકને ઝડપી તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાથી પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

વાઘોડિયા રોડ પર દારૂના ગોડાઉન પર SMCનો દરોડો

રૂ. ૫.૭૫ લાખના દારૂ અને બીયરના જથ્થા સાથે બૂટલેગર સહિત ૩ ઝડપાયા

બુટલેગર યોગેશ ચાવડા ઝડપાયો, લીસ્ટેડ બુટલેગર નીલુ સિંધી સાથે પાંચ આરોપી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા શહેરમાં ગેરકાયદેસર દારૂના વેપાર સામે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. વાઘોડિયા રોડ પર બાપોદ જકાતનાકા સામે આવેલા હીરાબાનગર વિસ્તારમાં આવેલા બે મકાનોમાં દરોડો પાડી રૂ. 5.75 લાખનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડયો હતો. બુટલેગર યોગેશ ચાવડા સાથે પણ આરોપીની ધરપકડ કરી દારૂ બિયર સહિત રૂ. 6.90 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જ્યારે ત્રણ લીસ્ટેડ બુટલેગર નીલુ સિંધી સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા તાજેતરમાં જ કપુરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા હાઈવે પર મહાદેવ હોટલ પાસે એડ કરીને આઈસર માંથી રૂપિયા 78 લાખના દારૂ સહિત રૂ.93 લાખનો મુદ્દામાં કબજે કરાયો હતો.

દરમિયાન ફરી એસએમસીને બાતમી મળી હતી કે યોગેશ વિષ્ણુ ચાવડા પોતાના બે અલગ-અલગ મકાનોમાં વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો સંગ્રહ કરી છૂટક વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે SMCની ટીમે વાઘોડિયા રોડ પરના હીરાબાનગર વિસ્તારમાં દારૂના ગોડાઉન પર દરોડો પાડયો હતો. જેમા સ્થળ પરથી રૂ.5.75 લાખના દારૂ-બીયર ઉપરાંત બે ટુ-વ્હીલર રૂ. 1 લાખ, બે મોબાઈલ ફોન રૂ. 10 હજાર અને રોકડ મળી રૂ. 6.90લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

આ કેસમાં પોલીસે યોગેશ વિષ્ણુ ચાવડા, વિજયસિંહ ગણપતસિંહ વાઘેલા અને અજય ઉર્ફે સન્ની કહારની ધરપકડ કરી છે. જ્યારે લીસ્ટેડ બુટલેગર નિલેશ ઉર્ફે નીલુ સિંધી, નળીયો દાવળ, મહેશ નામનો વ્યક્તિ, દારૂ સપ્લાય કરનાર અજાણ્યો શખ્સ સહિત અન્ય સંડોવાયેલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે એસએમસીની સતત બે દિવસ વડોદરા શહેરમાં દારૂ પર સપાટો બોલાવ્યો છે જેને લઈને અન્ય બુટલેગરોમા ફફડાટ ફેલાયો છે.

MSU કેમ્પસમાં ૮૯.૦૬ લાખના ખર્ચે ૩૧૩ CCTV કેમેરા લગાવાશે

વિદ્યાર્થીઓને સુરક્ષિત શિક્ષણ અને રહેવાનું વાતાવરણ મળશે

હોસ્ટેલ, ગેટ, રસ્તા અને પાર્કિંગ સહિત સંવેદનશીલ સ્થળો પર નજર રખાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.9

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી કેમ્પસની સુરક્ષા વ્યવસ્થા હવે વધુ મજબૂત બનવા જઈ રહી છે. દરરોજ હજારો વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ અને વસવાટ કરે છે ત્યારે સુરક્ષા માળખાને અદ્યતન બનાવવું અનિવાર્ય બન્યું હતું. જેને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી તંત્ર દ્વારા મોટી સર્વેલન્સ પહેલ હાથ ધરવામાં આવી છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા કુલ 89.06 લાખ રૂપિયાના ખર્ચે સમગ્ર કેમ્પસમાં 313 સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત હોસ્ટેલ, એન્ટ્રી ગેટ, આંતરિક રસ્તાઓ, પાર્કિંગ એરિયા અને અન્ય સંવેદનશીલ સ્થળોને સર્વેલન્સ હેઠળ લાવવામાં આવશે.

યુનિવર્સિટીના અધિકારીઓનું કહેવું છે કે આ નવી પહેલથી કેમ્પસની સુરક્ષા વધુ સુદ્રઢ બનશે. મુખ્ય વિસ્તારો પર સતત નજર રાખી શકાશે અને કોઈપણ કટોકટીના સમયે ઝડપથી પ્રતિભાવ આપી શકાશે. જેના કારણે વિદ્યાર્થીઓ, સ્ટાફ અને મુલાકાતીઓ સૌ કોઈને સુરક્ષિત જીવન અને શિક્ષણનું વાતાવરણ મળશે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટીના ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સુરક્ષા વધારવાના વધતા ફોકસને દર્શાવે છે. નવી સિસ્ટમથી માત્ર મોનિટરિંગ જ નહીં પરંતુ સમગ્ર યુનિવર્સિટી પરિવારને વધુ માનસિક શાંતિ પણ મળશે.

પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં ઇસ્કોન મંદિરે સંકલન બેઠક મળી

ચુસ્ત સુરક્ષા વચ્ચે ૧૬ જુલાઈએ નીકળશે ૪૫મી ભગવાન જગન્નાથ રથયાત્રા

GPS, CCTVથી રિયલ-ટાઈમ મોનિટરિંગ, સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના ઈસ્કોન મંદિર દ્વારા આયોજિત ભગવાન જગન્નાથની 45મી રથયાત્રા 16 જુલાઈએ ભવ્ય રીતે નીકળશે. રથયાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન થાય તે માટે શહેર પોલીસ, મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર તથા અન્ય સરકારી વિભાગોએ સંયુક્ત આયોજન પૂર્ણ કર્યું છે.

રથયાત્રાની તૈયારીઓના ભાગરૂપે ઈસ્કોન મંદિર ખાતે પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં જોઈન્ટ પોલીસ કમિશનર, એડિશનલ પોલીસ કમિશનર, વિવિધ ઝોનના ડીસીપી-એસીપી, પોલીસ અધિકારીઓ, મહાનગરપાલિકાના અધિકારીઓ, જિલ્લા કલેક્ટર કચેરીના પ્રતિનિધિઓ, આયોજકો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન રથયાત્રાના રૂટ, સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ, ભીડ વ્યવસ્થાપન અને વિભાગો વચ્ચેના સંકલનની સમીક્ષા કરવામાં આવી હતી.

પોલીસ વિભાગ સમગ્ર રૂટ પર GPS અને CCTV કેમેરા દ્વારા રિયલ-ટાઈમ મોનિટરિંગ કરશે, જેથી દરેક હિલચાલ પર સતત નજર રાખી શકાય અને જરૂરિયાત સમયે તાત્કાલિક કાર્યવાહી થઈ શકે. સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન કરી માર્ગમાં આવતા અવરોધો દૂર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં પોલીસ દ્વારા રથયાત્રાના રૂટ પર ફૂટ પેટ્રોલિંગ અને સ્થળ નિરીક્ષણ પણ કરવામાં આવ્યું છે. તમામ વિભાગોના સંકલિત પ્રયાસોથી આ વર્ષની જગન્નાથ રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને ભવ્ય રીતે સંપન્ન થશે તેવી પોલીસ તંત્રએ આશા વ્યક્ત કરી છે.

વોર્ડ ૧૪માં ડ્રેનેજ સમસ્યાથી પ્રજા પરેશાન, જશ ખાટવાના રાજકારણથી સ્થાનિકોમાં રોષ

જેટિંગ મશીન મુદ્દે મહિલા કોર્પોરેટરો વચ્ચે તીખી તકરાર

પહેલા કયા વિસ્તારમાં કામગીરી કરવી તે મુદ્દે શાબ્દિક ટપાટપી, પાલિકાની કામગીરી થોડા સમય માટે અટકી

શાસક-વિપક્ષના નેતાઓ વચ્ચે મામલો બિચકતાં લોકટોળાં ઉમટ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૪માં સ્થાનિક સમસ્યાઓ ઉકેલવાના મુદ્દે રાજકીય ખેંચતાણ ચરમસીમાએ પહોંચી છે. વિસ્તારની અતિ જટિલ એવી ડ્રેનેજ સમસ્યાના નિરાકરણ માટે મંગાવવામાં આવેલા જેટિંગ મશીનના મુદ્દે સત્તાધારી પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસના મહિલા કોર્પોરેટરો વચ્ચે ખુલ્લેઆમ શાબ્દિક ટપાટપી થઈ હતી. આ મામલો જોતજોતામાં એટલો ઉગ્ર બની ગયો હતો કે વિસ્તારમાં ભારે ઉત્તેજના અને ચર્ચાનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૪ના વિવિધ વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ લાઈન ચોકઅપ થવાની અને ગંદા પાણી રસ્તા પર ફરી વળવાની સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા. વારંવારની રજૂઆતો બાદ આખરે આ સમસ્યાના ઉકેલ માટે પાલિકા તંત્ર દ્વારા જેટિંગ મશીન ફાળવવામાં આવ્યું હતું. પરંતુ, આ મશીન કઈ સોસાયટી કે વિસ્તારમાં પહેલા કામગીરી કરશે અને આ કામગીરી કરાવવાનો રાજકીય જશ કોણ ખાટશે, તે બાબતે બંને પક્ષના મહિલા કોર્પોરેટરો ઘટનાસ્થળે જ સામસામે આવી ગયા હતા.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જેટિંગ મશીન સ્થળ પર પહોંચતા જ કામગીરી શરૂ થાય તે પહેલાં જ કોંગ્રેસ અને ભાજપના મહિલા કોર્પોરેટરો વચ્ચે સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી. બંનેનેતાઓ પોતપોતાના વિસ્તારોમાં પહેલા સફાઈ કરાવવાનો આગ્રહ રાખી રહ્યા હતા. થોડી જ વારમાં આ શાબ્દિક ટપાટપીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બંનેએ એકબીજા પર કામગીરી ન કરવાના આક્ષેપો અને પ્રતિઆક્ષેપો શરૂ કરી દીધા હતા. લોકોની ભીડ વચ્ચે થયેલા આ હાઈવોલ્ટેજ ડ્રામાના કારણે કામગીરી કરવા આવેલા પાલિકાના કર્મચારીઓ પણ મુંઝવણમાં મુકાયા હતા અને કામગીરી થોડા સમય માટે ખોરંભે પડી હતી.

એક તરફ સ્થાનિક જનતા ડ્રેનેજના ગંદા પાણી અને રોગચાળાની ભીતિથી પરેશાન છે, ત્યારે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમસ્યા ઝડપથી હલ કરવાને બદલે યશ ખાટવા માટે અંદરોઅંદર લડી રહ્યા છે તે જોઈને લોકોમાં પણ રોષ જોવા મળ્યો હતો. અંતે મહામહેનતે મામલો શાંત પડ્યો હતો, પરંતુ પ્રજાના કામોમાં આવું રાજકારણ સ્થાનિક રહીશો માટે કાયમ ટીકાનો વિષય બની રહે છે.

બોક્સ કલવર્ટ અને માર્ગમાં મોટા ગાબડાં પડતાં તંત્ર સામે શંકા

ખોડિયારનગરમાં કરોડોના ખર્ચે બનેલો નવો રોડ ખુલ્યા પહેલાં જ ધસી પડ્યો

સ્થાનિકોએ હલકી ગુણવત્તાના કામનો આક્ષેપ કરી તપાસની માંગ ઉઠાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.9

વડોદરાના ખોડિયારનગર વિસ્તારમાં કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા નવા રોડ અને બોક્સ કલવર્ટનું લોકાર્પણ થાય તે પહેલાં જ માર્ગ ધસી પડતાં તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. માર્ગ અને કલવર્ટમાં મોટા ગાબડાં પડતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

માહિતી મુજબ, ખોડિયારનગર ચાર રસ્તા પાસે વાહનવ્યવહારની સુવિધા અને વરસાદી પાણીના નિકાલ માટે નવું બોક્સ કલવર્ટ અને પાકા રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ તાજેતરમાં જ પૂર્ણ થયો હતો અને તેને ટૂંક સમયમાં જાહેર ઉપયોગ માટે ખુલ્લો મુકવાની તૈયારી ચાલી રહી હતી. જોકે લોકાર્પણ પહેલાં જ રોડનો એક ભાગ અચાનક ધસી પડ્યો હતો. કલવર્ટની દીવાલોમાં પણ નુકસાન થતાં સમગ્ર કામગીરીની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે બાંધકામમાં હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. વરસાદ શરૂ થયા પહેલાં જ માર્ગ ધસી પડતાં ભારે વરસાદ દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત તેવી પણ લોકોએ ચિંતા વ્યક્ત કરી છે.

ઘટના બાદ જવાબદાર કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી તેમજ સમગ્ર પ્રોજેક્ટની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ ઉઠી છે. બીજી તરફ તંત્ર દ્વારા નુકસાનગ્રસ્ત ભાગના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, પ્રજાના ટેક્સના નાણાંથી બનેલા વિકાસકાર્યની ગુણવત્તા અંગે સ્થાનિકોમાં અસંતોષ અને નારાજગી જોવા મળી રહી છે.